# 71

સૌની યોજના અંતર્ગત સૌરાષ્ટ્રના ડેમો ભરવા બાબત

***15/4/2250** શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા(પોરબંદર): તેરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા.૨૧/૦૨/૨૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકીત પ્રશ્ન ક્રમાંક–૭૭૭૮(અગ્રતા–૬૬)ના અનુસંધાને માનનીય જળસંપતિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે , -

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | નર્મદામાંથી સૌરાષ્ટ્રના ડેમો ભરવાની સૌની યોજના વર્ષ ૨૦૧૭–૧૮માં પૂર્ણ કરવાનું આયોજન હતું તે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સૌની યોજના કયા તબક્કે છે, | (૧) | સૌની યોજનાના પ્રથમ અને બીજા તબક્કાના કામો પૂર્ણ થયેલ છે તેમજ ત્રીજા તબક્કાના કામો પૂર્ણતાના આરે છે. |
| (૨) | ઉક્ત યોજનાની સૈધ્ધાંતિક અને વહીવટી મંજૂરી ક્યારે કેટલી રકમની આપવામાં આવેલ, | (૨) | (see table below) |

| | | |
|---|---|---|
| સૈદ્ધાંતિક મંજુરી | ફેબ્રુઆરી-૨૦૧૩ | રૂ. ૧૦,૦૦૦ કરોડ |
| વહીવટી મંજુરી | એપ્રિલ-૨૦૧૩ | રૂ. ૧૦,૮૬૧ કરોડ |
| સુધારેલ વહીવટી મંજુરી | ડીસેમ્બર-૨૦૧૮ | રૂ. ૧૮,૫૬૩ કરોડ |

(ઉપરાંત, સૌની યોજનાના ૧૧૫ જળાશયોના મૂળભૂત આયોજન સિવાયની સૌની યોજનાની આનુસંગિક અંગભુત કામગીરી હાથ ધરવા માટે ફીડરલાઇન તથા એક્સટેન્શન લાઇનને જુન-ઑગષ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૦ માં અલગથી રૂ.૪૧૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે)

| | | | |
|---|---|---|---|
| (૩) | ઉક્ત યોજના પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૩) | રૂ. ૧૭૧૫૯/- કરોડ |
| (૪) | ઉક્ત યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૪) | સૌની યોજનાની બાકી રહેતી કામગીરી અંગેના ટેન્ડર મંજુરીની કાર્યવાહી પૂર્ણ કરી તેમજ પ્રગતિ હેઠળના કામે, સાઇટ પરના વિવિધ તબક્કાઓ જેવા કે પાઇપલાઇન લેયીંગની કામગીરી, પમ્પિંગ સ્ટેશનના બાંધકામની કામગીરી, આર.ઓ.યુ. થકી જમીન વપરાશી હક્કો પ્રાપ્ત કરવાની કામગીરી પૂર્ણ કરી, ક્રોસિંગ અંગે વિવિધ વિભાગોની મંજુરીઓ મેળવી, નર્મદાના પાણીની ઉપલબ્ધિ મુજબ, તબક્કાવાર પૂર્ણ કરવાનુ આયોજન છે. |

-----------